### હોટફિક્સ વેસ્ટમાં આગનો સિલસિલો પાંચમા દિવસે પણ યથાવત રહ્યો

# હોટફિક્સ વરાછામાં બે સ્થળે 'હોટફાયર' થયું

**માતાવાડીની વર્ષા સોસાયટી અને લાભેશ્વર પોલીસ ચોકી નજીક હોટફિક્સના પ્લાસ્ટિક વેસ્ટમાં એક જ અઠવાડિયામાં ત્રીજી આગ**

સુરતઃ હોટફિક્સના કચરામાં શંકાસ્પદ રીતે આગ લાગવાનો સિલસિલો સતત પાંચમા દિવસે પણ યથાવત છે. ગઈકાલે મોડી રાત્રે વરાછાના માતાવાડી વિસ્તારમાં આવેલી વર્ષા સોસાયટીમાં મંગલદીપ હોલ નજીક રાત્રે આશરે 9 વાગ્યે હોટફિક્સના કચરામાં અચાનક આગ લાગી હતી. આગની જાણ થતાં અશ્વિનીકુમાર ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. આ ઘટના બાદ માત્ર એક કલાકમાં જ વરાછાના લાભેશ્વર પોલીસ ચોકી નજીક આવેલા જગદીશનગર વિસ્તારમાં હોટફિક્સના કચરામાં ફરી આગ ભભૂકી ઊઠી હતી. બનાવની જાણ થતાં કાપોદ્રા ફાયર સ્ટેશનના જવાનો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને આગ બુઝાવી હતી.

**એક જ સપ્તાહમાં બંને સ્થળે ત્રીજી વખત આગઃ આગ પાછળનું કારણ તપાસનો વિષય**

ચોંકાવનારી બાબત એ છે કે સ્થાનિકોના જણાવ્યા મુજબ વર્ષા સોસાયટી અને જગદીશનગર બંને સ્થળે છેલ્લા એક અઠવાડિયામાં હોટફિક્સના કચરામાં આગ લાગવાની આ ત્રીજી ઘટના છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં હોટફિક્સ વેસ્ટના ઢગલામાં વારંવાર આગ લાગતી હોવાથી તેની પાછળનું કારણ હવે તપાસનો વિષય બન્યું છે.

## હોટફિક્સ વેસ્ટના કાયમી ઉકેલ માટે 'પ્લાન-બી' તૈયાર કરવા સ્થાયી સમિતિ ચેરમેનની તાકીદ

સુરતઃ શહેરમાં છેલ્લા એક સપ્તાહથી હોટફિક્સ વેસ્ટના નિકાલને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે મનપા તંત્ર હવે કાયમી ઉકેલની દિશામાં આયોજન કરવા સક્રિય થયું છે. ગુરુવારે સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના અધિકારીઓ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર નિધિ સિવાચ તેમજ રાજ્ય સરકાર દ્વારા ડેપ્યુટેશન પર સુરત મનપામાં મુકાયેલા આઈએએસ સ્મિત લોઢા સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં હાલના ટૂંકા ગાળાના આયોજન હેઠળ હોટફિક્સ વેસ્ટ ઉઠાવવાની કામગીરી શરૂ થઈ ગઈ હોવાનું જણાવાયું હતું. જોકે, વારંવાર ઊભી થતી હોટફિક્સ વેસ્ટની સમસ્યાનો માત્ર કચરો ઉઠાવીને નિકાલ કરવાથી કાયમી ઉકેલ આવશે નહીં એ બાબતને ધ્યાનમાં રાખીને સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલે 'પ્લાન-બી' તૈયાર કરવા અધિકારીઓને તાકીદ કરી હતી. હોટફિક્સ વેસ્ટના સંગ્રહ, પરિવહન અને વૈજ્ઞાનિક રીતે નિકાલ માટે વહેલી તકે વ્યવહારુ અને કાયમી આયોજન તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે. શહેરમાં રસ્તા પર હોટફિક્સ વેસ્ટના ઢગલા અને તેમાં આગ લાગવાની ઘટનાઓ વચ્ચે આ મુદ્દે તંત્ર પર પણ સતત દબાણ વધી રહ્યું છે.

**ડિસેમ્બરમાં મેટ્રો ઉદઘાટનની શક્યતા વચ્ચે ડ્રીમ સિટી આસપાસના કચરાના નિકાલનું પણ પ્લાનિંગ**

ડિસેમ્બર મહિનામાં સુરત મેટ્રો રેલનું ઉદઘાટન થવાની શક્યતા છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહે તેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને મેટ્રો સ્ટેશન તથા મેટ્રો લાઇનની આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા માટે અત્યારથી આયોજન કરવા જણાવાયું છે. ખાસ કરીને ખજોદ ડિસ્પોઝલ સાઇટ પરથી મેટ્રો રૂટ અને ડ્રીમ સિટી આસપાસ દેખાતા કચરાના ઢગલા તથા અન્ય કચરો હટાવવા માટે કામગીરીનું પ્લાનિંગ કરવા અધિકારીઓને તાકીદ કરાઈ છે.

## સ્મીમેર હોસ્પિટલ બહાર ચાર દિવસથી ગટરીયા પૂર જેવી સ્થિતિ



સહારા દરવાજા સ્થિત સ્મીમેર હોસ્પિટલ બહાર સુરત મહાનગરપાલિકાના તંત્રની બેદરકારીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. છેલ્લા ચાર દિવસથી શહેરમાં વરસાદ ન હોવા છતાં હોસ્પિટલના મુખ્ય પ્રવેશદ્વાર નજીક ડ્રેનેજનું ગંદુ પાણી રસ્તા પર ફરી વળ્યું છે. ડ્રેનેજ લાઈન ઓવરફ્લો થતાં હોસ્પિટલ આસપાસના રસ્તાઓ પર ગંદા પાણીના ખાબોચિયાં સર્જાયા છે અને અસહ્ય દુર્ગંધના કારણે દર્દીઓ તથા તેમના સ્વજનોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ ગંદુ પાણી સ્મીમેર નજીક આવેલા રેલવે ગરનાળામાં પણ ભરાઈ જતાં ગોઠણસમા પાણીની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને ગંદા પાણીમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે. ખાસ કરીને પિક અવર્સ દરમિયાન ટ્રાફિકની સમસ્યા પણ વકરે છે. હોસ્પિટલ જેવી સંવેદનશીલ જગ્યાની બહાર જ ગટરનું પાણી ભરાતાં મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે રોગચાળો ફેલાવાની ભીતિ પણ ઊભી થઈ છે. ચાર દિવસથી સમસ્યા યથાવત હોવા છતાં ડ્રેનેજ વિભાગ દ્વારા કાયમી ઉકેલ માટે કાર્યવાહી ન થતાં સ્થાનિકો અને દર્દીઓમાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

# ડો. હર્ષ પંડ્યા રેંગિગ-આપઘાત કેસમાં ડો. હિના ભૂતના આગોતરા નામંજૂર

**ડો. હિના ભૂતની અરજી નામંજૂર થયા બાદ હવે ડો. અનુજ મહેશ્વરીએ આગોતરા જામીન અરજી કરી**

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના માઇક્રોબાયોલોજી વિભાગમાં રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા ડો. હર્ષ પંડ્યાના આપઘાત કેસમા આરોપી ડો. હીના ભૂતની આગોતરાં જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. બીજી તરફ અન્ય ડો. અનુજ મહેશ્વરીએ પણ આગોતરા જામીન અરજી કરી હતી. ખટોદરા પોલીસ સ્ટેશને અરજદાર આરોપી સહિતનાં ડોકટરો વિરુદ્ધ બીએનએસ ની કલમ- ૧૦૮ (આત્મહત્યાની દુષ્પ્રેરણા), ૧૨૭(૨), ૩૫૨, ૫૪ તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ ની કલમ- ૩(૨)(v) મુજબનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં ધરપકડથી બચવા આરોપી ડો. હિના ભુતે સેશન્સ કોર્ટમાં આગોતરાં જામીન અરજી કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ એટ્રોસિટી કોર્ટનાં જજ પીયૂષકુમાર અશોકભાઈ પટેલ અરજી ફગાવી દીધી હતી.

**આરોપી ડોક્ટરની સગાઈ થઈ ગઈ છે, શરૂ થનાર લગ્નજીવન તૂટી જશે**

આશાસ્પદ જુનિયર ડોક્ટર હર્ષ પંડ્યા સિનિયર ડોક્ટરોના માનસિક ત્રાસ અને રેગિંગથી કંટાળી આત્મહત્યા કરી હોવાના આરોપી ડો. હિના ભુતનાં બચાવમાં દલીલ કરવામાં આવી હતી કે અરજદાર નાની વયના છે, મેડિકલમાં અભ્યાસ કરે છે, તાજેતરમાં સગાઈ થઈ છે અને કોઈ ગુનાહિત ભૂતકાળ નથી. આગોતરા જામીન નહીં મળે તો શરૂ થનાર લગ્નજીવન તૂટી જશે.

**એક જ ગુનાની બે ફરિયાદ ગણી શકાય નહિ**

તમામ પક્ષકારોની રજુઆત બાદ કોર્ટે નોંધ્યું હતું કે એક ફરિયાદ મેડિકલ કોલેજના કર્મચારીએ નોંધાવી હતી. જે માત્ર રેગિંગ અંગે નોંધાવી છે. જ્યારે બીજી ફરિયાદ મૃતકના પિતાએ પોતાના પુત્ર સાથે બનેલી આત્મહત્યાની ચોક્કસ ઘટના અંગે નોંધાવી હોવાથી એક જ ગુનાની બે ફરિયાદ ગણી શકાય નહિ. એટ્રોસીટી એક્ટની કલમ- ૧૮ ની જોગવાઈ ધ્યાને લેતાં અરજી મંજૂર કરવી યોગ્ય જણાતી ન હોવાનુ નોંધી કોર્ટે આગોતરાં જામીન અરજી નામંજૂર કરી હતી.

## બ્રિજ પર BRTS બસમાંથી ધુમાડો નીકળ્યોઃ પંદર મુસાફરનો બચાવ

**સવારે 11 કલાકે બસ ચંદ્રશેખર આઝાદ બ્રિજ પરથી જડતી હતી ત્યારે ધુમાડો નીકળતા ડ્રાઈવરે તમામને નીચે ઉતારી દીધા હતા**

સુરતઃ ગુરુવારે સવારે ચંદ્રશેખર આઝાદ બ્રિજ પરથી પસાર થઈ રહેલી સુરત મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિક BRTS બસમાં અચાનક ધુમાડો નીકળતાં અફરાતફરી મચી ગઈ હતી.

સવારે 11 વાગ્યાના અરસામાં બસના ઓઈલ કોમ્પ્રેસરમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો. તે સમયે બસમાં અંદાજે 15 જેટલા મુસાફરો સવાર હતા. પરિસ્થિતિની ગંભીરતા સમજી ડ્રાઈવરે તાત્કાલિક બસના દરવાજા ખોલી દીધા હતા, જેથી તમામ મુસાફરો સુરક્ષિત રીતે બસમાંથી નીચે ઊતરી ગયા હતા. બસમાંથી ભારે ધુમાડો નીકળતો હોવાથી ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કામગીરી હાથ ધરી ધુમાડા પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે ઘટનામાં કોઈ મુસાફરને ઈજા કે જાનહાનિ થઈ નહોતી. જોકે, જાહેર પરિવહનની ઈલેક્ટ્રિક બસમાં અચાનક ધુમાડો નીકળતાં બસની સલામતી અને જાળવણીને લઈને સવાલો ઊભા થયા છે.

## ક્રાઈમ સિરિયલો જોઈ સગી બહેન સાથે દુષ્કર્મ કરનાર બાળકિશોરને સજા

**સગીર ભાઈને પ્રોબેશનનો લાભ, પીડિતાને 4 લાખનું વળતરનો હુકમ**

સુરતઃ ડીંડોલી પોલીસ સ્ટેશને નોંધાયેલી પોકસો એકટના કેસમાં સગી નાનીબહેન સાથે દુષ્કર્મ કરનાર બાળકિશોરને જુવેનાઈલ કોર્ટ ત્રણ વર્ષની સજા ફટકારી હતી. જોકે કિશોરની ઉંમર અને કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં રાખીને કોર્ટે તેને પ્રોબેશનનો લાભ પણ આપ્યો હતો. ડિંડોલીમાં સપ્ટે., 2018માં ક્રાઈમ આધારિત સિરિયલો જોઈને પ્રભાવિત થયેલા 17 વર્ષીય કિશોરે પોતાની જ 13 વર્ષીય સગી બહેન સાથે અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. સગીરા ગર્ભવતી બનતાં આ સમગ્ર બાબત પ્રકાશમાં આવી હતી. કાયદાકીય પ્રક્રિયા બાદ સગીરાનો ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો અને બાળકના ડીએનએ ટેસ્ટ રિપોર્ટમાં સગા ભાઈનું જ ડીએનએ મેચ થતાં કોર્ટ સમક્ષ મજબૂત વૈજ્ઞાનિક પુરાવો રજૂ થયો હતો. આ કેસ જુવેનાઈલ કોર્ટમાં ચાલતાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ એમવી રાણપરિયા હાજર રહ્યાં હતાં. બંને પક્ષની દલીલો અને પુરાવાને ધ્યાને રાખી જુવેનાઈલ કોર્ટે બાળકિશોરને ત્રણ વર્ષની સજા કરી હતી. પરંતુ આરોપી કાયદા સંઘર્ષિત કિશોર હોવાથી અને તેની ઉંમર તથા ભવિષ્યને ધ્યાનમાં રાખીને કોર્ટે તેને ગુનાહિત ઈતિહાસ સુધારવા માટે પ્રોબેશનનો લાભ આપ્યો હતો. જ્યારે પિડીત સગીરાને રૂ. ૪ લાખનું વળતર ચૂકવવાનો હુકમ કરાયો હતો.

## ડિજિટલ એરેસ્ટ કરી ૧.૪૭ કરોડ ફ્રોડમાં અમદાવાદના તબીબના જામીન ફગાવાયા

સુરતઃ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ડિજિટલ એરેસ્ટ ફ્રોડ કેસમાં અમદાવાદના તબીબ આરોપી ઉર્જીત સચ્ચિત કવિની જામીન અરજી સેશન્સ કોર્ટ ફગાવી દીધી હતી. આ કેસની હકીકત મુજબ જાન્યુઆરી ૨૦૨૬માં આરોપીઓએ ફરિયાદીને વોટ્સએપ મારફતે મુંબઈ સાયબર ક્રાઈમ તથા સીબીઆઈ અધિકારીઓ તરીકે ઓળખાવી, તેમના સિમકાર્ડનો ઉપયોગ મની લોન્ડરિંગમાં થયો હોવાનું જણાવી "ડિજિટલ એરેસ્ટ" કરી રૂ.૧,૪૭,૮૮,૧૦૦ પડાવી લીધા હતા. ફ્રોડની રકમમાંથી રૂ.૩૯ લાખ ટીસીપી કોર્પોરેટ સોલ્યુશન્સ પ્રા. લિ. નામના બેંક ખાતામાં ટ્રાન્સફર થયા હતા, જેનો પ્રોપરાઈટર આરોપી ઉર્જીત કવિ છે. આ કેસમાં ડો. ઉર્જીતે જામીન મુક્ત થવા માટે કરેલી અરજીને નામંજૂર કરવા માટે સરકાર પક્ષે એપીપી દિપેશ દવેએ દલીલો કરી હતી.

# સુરતમાં હાઈકોર્ટની બેન્ચ માટે દ.ગુ.નાં વકીલ મંડળોનું મહાસંમેલન યોજાશે

**૩૦થી વધુ બાર એસોસિએશનો એક મંચ પર આવશેઃ આગામી ૬ઠ્ઠી સપ્ટેમ્બરે કામરેજ ખાતે રણનીતિ ઘડવા બેઠક**

**બેઠકમાં દક્ષિણ ગુજરાતના તમામ બારને આમંત્રણ આપવામાં આવ્યું**

**બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યો દ્વારા હાઈકોર્ટની બેન્ચ માટે આરપાર જંગ થાય તેવા એંધાણ**

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની વર્ષોથી ચાલી રહેલી માંગણીને હવે સંગઠિત અને વ્યાપક સ્વરૂપ આપવા માટે દક્ષિણ ગુજરાતમાંથી ચૂંટાયેલા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યો ઝકી શેખ, પ્રીતિ જોશી, હરેશ નાકરાણી, હિરલ પાનવાલા, ભાવેશ રબારી, હિતેશ પટેલ,પ્રવીણ પટેલ, વંદના ભટ્ટ દ્વારા મહત્વપૂર્ણ સંયુક્ત ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

સુરત ખાતે હાઈકોર્ટ બેન્ચની સ્થાપના માટેનું મિશન (દક્ષિણ ગુજરાત) ના બેનર હેઠળ શરૂ કરાયેલી આ ઝુંબેશના પ્રથમ તબક્કામાં દક્ષિણ ગુજરાતના ૩૦ જેટલા બાર એસોસિએશનોના પ્રમુખો, હોદ્દેદારો અને પ્રતિનિધિઓનું મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ બેઠક આગામી રવિવાર, તા. 6 સપ્ટેમ્બર, 2026ના રોજ કામરેજ તાલુકાના મોરથાણ ગામ ખાતે આવેલા વાટિકા રિસોર્ટ ખાતે યોજાશે.

આ અંગે દક્ષિણ ગુજરાતના તમામ બાર એસોસિયેશન ને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ બેઠકમાં સમગ્ર દક્ષિણ ગુજરાતના વકીલ સમુદાયને એક મંચ પર એકત્રિત કરીને હાઈકોર્ટ બેન્ચની માંગ માટે મજબૂત અને લોકહિતલક્ષી રણનીતિ તૈયાર કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા 3 દાયકાથી દક્ષિણ ગુજરાતમાં હાઈકોર્ટની બેન્ચ માટે વકીલો દ્વારા માંગણી કરવામાં આવી રહી છે. જોકે, હજુ સુધી માંગણીનો સ્વીકાર કરાયો નથી. પરંતુ આ વખતે જે રીતે આંદોલનની રૂપરેખા ઘડાઈ રહી છે તે જોતાં આગામી દિવસોમાં આ આંદોલન રંગ લાવે તેવી સંભાવના છે.

# ફૈઝલની હત્યા ત્રણ ચપ્પુ વડે કરવામાં આવી હતી

**આરોપીઓ ત્રણ દિવસનાં રિમાન્ડ પર, રૂ.૧૦ લાખની સોપારીની હત્યામાં 'મુબો'ની શોધખોળ તેજ**

**ચાર આરોપીની રિમાન્ડમાં ચપ્પુ, કપડાં અને બે મોપેડ સહિત ૧૬ મુદ્દે તપાસ**

સુરતઃ ચોકબજાર વિસ્તારમાં જીલાની બ્રિજ પર જમીન લે-વેચ અને દલાલીનું કામ કરતા ફૈઝલ ઝકરીયા હસન ફટ્ટાની જાહેરમાં થયેલી ચકચારી હત્યાના ગુનામાં રૂ.૧૦ લાખની સોપારી લેનારા ચાર આરોપીની ધરપકડ બાદ પોલીસ તપાસ તેજ બની છે. હત્યા બાદ મુંબઈ ભાગી ગયેલા આરોપીઓને ઝડપી પાડ્યા બાદ તેમની પ્રાથમિક પૂછપરછમાં પોલીસને મહત્ત્વની કડીઓ મળી છે. સમગ્ર કાવતરાના મૂળ સુધી પહોંચવા તેમજ ગુનામાં વપરાયેલાં હથિયારો સહિતના મુદ્દાઓની તપાસ માટે પોલીસે ૧૬ મુદ્દા આધારે આરોપીઓનાં રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે પોલીસની રજૂઆતો અને તપાસના મુદ્દાઓને ધ્યાને લઈ ચારેય આરોપીઓને રવિવાર સુધી પોલીસ રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો છે.

પોલીસ તપાસમાં પકડાયેલા અભિષેક ઉર્ફે રોહન ઉર્ફે ઘૂંઘરૂ રાજેન્દ્ર દેવરે, કૈસરઅલી આબીદઅલી સૈયદ, વસીમ ઉર્ફે વસીયો મોઈન શેખ, ગોકુળ સંતોષ યાદવે ફૈઝલ ફટ્ટાની હત્યામાં કુલ ત્રણ ચપ્પુનો ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યું છે. જોકે, પોલીસને ગેરમાર્ગે દોરવા માટે આરોપીઓ ખોટી જગ્યાઓ બતાવી રહ્યા હોવાનું જણાતાં હત્યામાં વપરાયેલાં હથિયારો કબજે કરવાના બાકી છે. આ ઉપરાંત હત્યા વખતે પહેરેલાં કપડાં મુંબઈ-ભિવંડી હાઈવે પર ફેંકી દીધાં હોવાની કબૂલાતના આધારે કપડાં કબજે કરવા તથા આરોપીઓએ હાલ પહેરેલાં કપડાં ક્યાંથી મેળવ્યા તેની પણ તપાસ કરવાની છે. હત્યા પહેલાં અને બાદમાં ઉપયોગમાં લેવાયેલી બે મોપેડ કોની માલિકીની છે અને હાલ ક્યાં સંતાડવામાં આવી છે, તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

આ કેસમાં સૌથી મહત્ત્વની કડી તરીકે મુબારક ઉર્ફે મુબો મજીદ પટેલનું નામ સામે આવ્યું છે. આરોપીઓએ તેની પાસેથી રૂ.૧૦ લાખની સોપારી લીધી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. હત્યાકાંડનો મુખ્ય સૂત્રધાર મનાતો મુબો હાલ ફરાર હોવાથી તેને ઝડપી પાડવા પોલીસના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. સોપારી પેટે મળેલી રૂ.૧૦ લાખની રકમ આરોપીઓએ ક્યાં ખર્ચી અથવા સંતાડી છે, તે શોધવાનું પણ પોલીસ માટે મહત્ત્વનું બન્યું છે. સાથે જ મુબા ઉપરાંત આ સમગ્ર કાવતરામાં પડદા પાછળ કોઈ અન્ય 'મોટું માથું' સંડોવાયેલું છે કે કેમ અને હત્યા પાછળનો ચોક્કસ હેતુ શું હતો, તે દિશામાં પણ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

મૃતકની હત્યા પહેલાં આરોપીઓ કેટલા સમયથી રેકી કરી રહ્યા હતા અને કાવતરામાં અન્ય કોણે મદદ કરી હતી તે જાણવા પોલીસ CDR સહિતના ટેક્નિકલ પુરાવાઓની તપાસ કરી રહી છે. આરોપીઓ પાસે મોબાઈલ ન હોવાનું જણાવતા હોવાથી ટેક્નિકલ સર્વેલન્સ મારફતે તેમની હિલચાલ અને સંપર્કોની વિગતો મેળવવાના પ્રયાસો થઈ રહ્યા છે. હત્યા બાદ આરોપીઓને મુંબઈ પહોંચાડવામાં તેમજ ત્યાં આશરો આપવામાં કોણે મદદ કરી હતી તે અંગે પણ પોલીસ પૂછપરછ કરી રહી છે. આરોપીઓનો અગાઉનો ગુનાહિત ઈતિહાસ ચકાસવા ઉપરાંત નજરે જોનારા સાક્ષીઓ સમક્ષ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની હાજરીમાં ઓળખ પરેડ કરાવવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ આરોપીઓ તરફથી એડ્વોકેટ કલ્પેશ દેસાઈ અને ઝફર બેલાવાલાએ હાજર રહી પોલીસની રિમાન્ડ અરજીનો વિરોધ કર્યો હતો. હવે પોલીસ રિમાન્ડ દરમિયાન હત્યામાં વપરાયેલાં હથિયારો, વાહનો અને અન્ય પુરાવાઓ કબજે કરવા ઉપરાંત ફરાર 'મુબો' તથા સમગ્ર કાવતરાના અન્ય સૂત્રધારો સુધી પહોંચવા પોલીસે તપાસ તેજ શરૂ કરી છે.


**જાહેરનામું**

ગુજરાત સરકાર
મહેસુલ, વિભાગ
સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ ડાંગ તા. 31 AUG 2026

ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૯૪૨-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-ઘ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ચીખલી-સાપુતારા રોડ (SH-15) (સેક્શનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જયારે, ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૪૧-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-ઘ તા.૨૪/૦૭/૨૦૨૪ થી, ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજય સરકારે, જાહેર હિતમાં "ચીખલી-સાપુતારા રોડ (SA-15) (સેક્શનઃ વઘઈ- શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા' માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઇઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને

૨. હવે જ્યારે, રાજ્ય સરકારે, "સદરહું અધિનિયમ"ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૧૩-જડગ-૧૪૨૦૧૪-૮૧૮-૫, તા.૧૯/૧૧/૨૦૨૫ થી નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને

૩. હવે જયારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૧૩-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-૫ તા.૧૯/૧૧/૨૦૨૫ થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને

૪. હવે જ્યારે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૫ ની પેટા કલમ- ૨ નીચેના કલેક્ટરના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે, અને

૫. તેથી હવે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.

૬. ગુજરાત સરકાર, "સદરહુ અધિનિયમ"ની કલમ- ૩(૪) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, "સદરહુ અધિનિયમ" નીચે હવે પછી કલેક્ટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગની નિમણૂક કરે છે.

૭. સદરહુ અનુસૂચિત જમીનોના નકશા, નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ની કચેરી ખાતે તપાસી શકશે.

અનુસુચિ

| જિલ્લોઃ ડાંગ | તાલુકોઃ વઘઈ | મોજે. લહાનદાબદર |
|---|---|---|
| અ.નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ (હે.આરે. ચો.મી.) |
| ૧ | ૫૩ | ૦૦-૨૩-૩૨ |
| ૨ | ૧૭૭ | ૦૦-૩૧-૪૦ |
| ૩ | ૧૭૮ | ૦૦-૦૭-૬૫ |
| ૪ | ૧૮૮ | ૦૦-૨૦-૨૨ |
| ૫ | ૧૯૩ | ૦૦-૩૩-૩૦ |
| | કુલ | ૦૧-૧૫-૮૯ |

૮. તા.૧૯/૧૧/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક નં. અમ-મ-૨૦૨૫-૮૧૩-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-ઘ સાથેની અનુસૂચિમાં નીચેની વિગતે દર્શાવેલ જમીન ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જરૂરી નથી તેમ ગુજરાત સરકારને આથી જણાય છે. તેથી તે જમીનનું ઉપર દર્શાવેલ હેતુ માટેનું સંપાદન આથી પડતું મુકવામાં આવે છે.

સંપાદનમાંથી પડતી મુશ્કેલ જમીનની વિગત

| જિલ્લોઃ ડાંગ | તાલુકોઃ વઘઈ | મોજે. લહાનદાબદર |
|---|---|---|
| અ.નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી.) |
| ૧ | ૫૩ | ૦૦-૦૪-૬૮.૯૧૫૯ |
| ૨ | ૧૭૮ | ૦૦-૧૯-૬૧.૨૫૦૩ |
| ૩ | ૧૯૩ | ૦૦-૦૨-૫૬.૦૨૦૩ |
| ૪ | ૧૯૫ | ૦૦-૦૦-૪૫.૪૮૮૬ |
| | કુલ | ૦૦-૨૭-૩૧.૬૭૫૧ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. બી. નિમાવત)
સરકારના નાયબ સચિવ

ક્રમાંકઃમાહિતી/ડાંગ/૯૩/૨૦૨૬

**જાહેરનામું**

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩)
(૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ ડાંગ

ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૮૮૬-જડગ-૧૪૨૦૨૪-૮૭૦-ઘ તા. 24 AUG 2026

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ચીખલી-સાપુતારા રોડ(SH-15) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જ્યારે, ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૪૯-જડગ-૧૪૨૦૨૪-૮૭૦-ઘ તા.૨૪/૦૭/૨૦૨૪ થી, ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકારે, જાહેર હિતમાં 'ચીખલી-સાપુતારા રોડ(SH-15) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા' માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને

૨. હવે જ્યારે, રાજ્ય સરકારે, "સદરહું અધિનિયમ"ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૦૭-જડગ-૧૪૨૦૨૪-૮૭૦-ઘ, તા.૧૯/૧૧/૨૦૨૫ થી નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને

૩. હવે જ્યારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૦૭-જડગ-૧૪૨૦૨૪-૮૭૦-ઘ તા.૧૯/૧૧/૨૦૨૫ થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને

૪. હવે જ્યારે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૫ ની પેટા કલમ- ૨ નીચેના કલેક્ટરના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે, અને

૫. તેથી હવે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.

૬. ગુજરાત સરકાર, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૩(જ) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, "સદરહુ અધિનિયમ" નીચે હવે પછી કલેક્ટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગની નિમણૂક કરે છે.

૭. સદરહુ અનુસૂચિત જમીનોના નકશા, નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ની કચેરી ખાતે તપાસી શકાશે.

અનુસૂચિ

| જિલ્લોઃ ડાંગ | તાલુકોઃ વઘઈ | મોજે. દેવીપાડા |
|---|---|---|
| અ.નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી.) |
| ૧ | ૨ | ૦૦-૧૦-૧૪ |
| ૨ | ૩ | ૦૦-૦૯-૭૦ |
| ૩ | ૪ | ૦૦-૦૯-૮૦ |
| ૪ | ૮ | ૦૦-૧૧-૯૪ |
| ૫ | ૯ | ૦૦-૨૨-૮૭ |
| ૬ | ૧૪ | ૦૦-૦૩-૭૫ |
| ૭ | ૧૭ | ૦૦-૦૦-૫૭ |
| ૮ | ૧૮ | ૦૦-૦૯-૩૬ |
| ૯ | ૧૯ | ૦૦-૦૫-૫૬ |
| ૧૦ | ૨૧ | ૦૦-૨૯-૪૯ |
| ૧૧ | ૨૫ | ૦૦-૦૭-૨૫ |
| ૧૨ | ૫૬ | ૦૦-૫૮-૦૦ |
| | કુલ | ૦૧-૭૮-૪૩ |

૮. તા. ૧૯/૧૧/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક નં. અમ-મ-૨૦૨૫-૮૦૭-જડગ-૧૪૨૦૨૪-૮૭૦-ઘ સાથેની અનુસૂચિમાં નીચેની વિગતે દર્શાવેલ જમીન ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જરૂરી નથી તેમ ગુજરાત સરકારને આથી જણાય છે. તેથી તે જમીનનું ઉપર દર્શાવેલ હેતુ માટેનું સંપાદન આથી પડતું મુકવામાં આવે છે.

સંપાદનમાંથી પડતી મુકેલ જમીનની વિગત

| જિલ્લોઃ ડાંગ | તાલુકોઃ વઘઈ | મોજે. દેવીપાડા |
|---|---|---|
| અ.નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી.) |
| ૧ | ૨૫ | ૦૦-૦૦-૧૧.૨૫ |
| | કુલ | ૦૦-૦૦-૧૧.૨૫ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. બી. નિમાવત)
સરકારના નાયબ સચિવ

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૮૯/૨૦૨૬